# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


CRU/કોર્સ/૨૦૨૬/ ૧૧૦૮

તા.૦૬/૦૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,

તમામ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ,

સુરત શહેર અને જિલ્લો.

**વિષય:** પૂર્વ-પ્રાથમિક શિક્ષણના બિન-તાલીમી શિક્ષકો માટેના ૪૦ દિવસના તાલિમી પ્રમાણપત્ર કોર્સ (Certificate Course in Pre-school Education) શરુ કરવા બાબત.

**સંદર્ભ:** (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:CRU/કોર્સ/૨૦૨૫/૧૩૦૮૦, તા.૧૩/૧૧/૨૦૨૫

(૨) મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગરનો તા.૦૭/૦૧/૨૦૨૫નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પૂર્વ-પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા અને બિન-તાલીમી શિક્ષકોની સજ્જતા વધારવાના ઉદ્દેશ્ય સાથે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર દ્વારા શ્રી ગીજુભાઈ બધેકા બાળ કેળવણી રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે પૂર્વ પ્રાથમિક શાળાઓના બિન-તાલીમી શિક્ષકો માટે ૪૦ દિવસનાં એક વિશેષ તાલિમ પ્રમાણપત્ર કોર્સનુ આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરતના સહયોગથી કરવામાં આવેલ છે. સદર તાલિમ/કોર્ષ નીચે જણાવ્યા મુજબના સ્થળ અને સમયે શરુ કરવા જઈ રહ્યા છીએ.

<u>સ્થળ: તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય બાળ ભવન, નાનપુરા, સુરત</u>

<u>તારીખ: ૧૧/૦૧/૨૦૨૬</u>

<u>સમય: સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦</u>

સદર તાલીમ/કોર્ષમાં માર્યાદિત સંખ્યામાં તાલીમાર્થીને પ્રવેશ આપવાનો હોય આપની શાળાના શિક્ષકો/તાલીમાર્થીઓ પ્રવેશ મેળવવા માંગતા હોય તેમણે વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવી લેવા જણાવવામાં આવે છે.ઉક્ત કોર્ષ/તાલીમનાં પ્રવેશફોર્મ સાથેના આધારો અને ભરેલ ફીની વિગતની ઝેરોક્ષ જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય, ટીમલિયાવાડ, નાનપુરા, સુરત ખાતે આચાર્યશ્રી હીનાબેન પવારને રૂબરૂમાં જમા કરાવવાનાં રહેશે.

બિડાણ: (૧) સંદર્ભદર્શિત પત્રો

(૨) ચિલ્ડ્રન રીસર્ચ યુનીવર્સીટી,ગાંધીનગરની કોર્ષ માટેની માર્ગદર્શિકા

(૩) પ્રવેશ ફોર્મ

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત, જિલ્લો-સુરત.

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન
સ્થાપના : ૧૯૧૦, ટ્રસ્ટ રજી. નં. ઈ/૧૪૩, ભાવનગર
ગિજુભાઈ બધેકા માર્ગ, ભાવનગર-૩૬૪ ૦૦૨ - ગુજરાત (ભારત)
ફોન નં. : ૦૨૭૮ - ૨૫૬૨૨૩૩

SHREE DAKSHINAMURTI VIDHYARTHI BHAVAN
Estd : 1910, Trust Regn. No. : E/143, Bhavnagar
Gijubhai Badheka Marg, Bhavnagar - 364 002, Gujarat (INDIA)
Phone No. : 0278 - 2562233

તા. : ૦૭/૦૧/૨૦૨૬.

પ્રતિ,
ડો. ભગીરથસિંહ પરમાર,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત.

પૂર્વ – પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા અને બિન – તાલીમી શિક્ષકોની સજ્જતા વધારવાના ઉદ્દેશ સાથે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર દ્વારા શ્રી દક્ષિણામૂર્તિ બાળકેળવણી રિસોર્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે પૂર્વ – પ્રાથમિક શાળાઓમાં બિન તાલીમ શિક્ષકો માટે ૪૦ દિવસના એક વિશેષ તાલીમ પ્રમાણપત્ર કોર્સનું આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરતના સહયોગથી કરવામાં આવેલ છે. આ બાબતે Orientation કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેની વિગતો નીચે મુજબ છે.

**સ્થળ : તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય બાળ ભવન, નાનપુરા, સુરત.**

**તારીખ : ૧૧/૦૧/૨૦૨૬.** **સમય : સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦.**

**ઉપસ્થિત મહાનુભાવો :**

- ડો. ટી. એસ. જોષી, કુલપતિશ્રી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.
- ડો. ભગીરથસિંહ પરમાર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર.
- ડો. નિલેશભાઈ પંડયા, કુલસચિવશ્રી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.
- ડો. કૃણાલભાઈ પંચાલ, પ્રાધ્યાપક, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.
- શ્રી વિપુલભાઈ વ્યાસ, એકઝીકયુટીવ ઓફીસર, શ્રી દક્ષિણામૂર્તિ બાળકેળવણી રિસોર્સ સેન્ટર

ઉપરોકત Orientation કાર્યક્રમ અંગે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા તેમજ આ કાર્યક્રમમાં આપની ઉપસ્થિતિ અમારા માટે માર્ગદર્શક બની રહેશે. ઉપસ્થિત રહેવા સસ્નેહ નિમંત્રણ છે.

પ્રશાંત ભટ્ટ
પ્રશાંત નાનાભાઈ ભટ્ટ
મેનેજિંગ ટ્રસ્ટી,
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન,
ભાવનગર.

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org

CRU/કોર્સ/૨૦૨૫/ ૬૩૦૮૦ તા.૧૩/૧૧/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,

તમામ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ,

સુરત શહેર અને જિલ્લો.

**વિષય:** પૂર્વ-પ્રાથમિક શિક્ષણના બિન-તાલિમી શિક્ષકો માટેના ૪૦ દિવસના તાલિમી પ્રમાણપત્ર કોર્સ (Certificate Course in Pre-school Education) નું આયોજન કરવા બાબત.

**સંદર્ભ:** (૧) રજીસ્ટ્રારશ્રી,ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:CRU/COT/GBRC/2025-26, તા.૧૩/૧૧/૨૦૨૫

(૨) ચિલ્ડ્રન રીસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગરની કોર્ષ માટેની માર્ગદર્શિકા

(૩) જીવનભારતી મંડળ, ટીમલિયાવાડ, નાનપુરા, સુરતનાં પત્ર ક્રમાંક: ક/૧/૨૩૮૦, તા.૧૩/૧૧/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પૂર્વ-પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા અને બિન-તાલીમી શિક્ષકોની સજ્જતા વધારવાના ઉદ્દેશ્ય સાથે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર દ્વારા શ્રી ગીજુભાઈ બધેકા બાળ કેળવણી રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે પૂર્વ પ્રાથમિક શાળાઓના બિન-તાલીમી શિક્ષકો માટે ૪૦ દિવસનાં એક વિશેષ તાલિમ પ્રમાણપત્ર કોર્સનુ આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરતના સહયોગથી કરવામાં આવેલ છે.

**<u>કોર્સની મુખ્ય વિગતો:</u>**

| વિગત | માહિતી |
|---|---|
| કોર્સનું નામ | સર્ટિફિકેટ કોર્સ ઈન પ્રિ-સ્કૂલ એજ્યુકેશન (Certificate Course in Pre-school Education) |
| કોના માટે | પૂર્વ-પ્રાથમિક શિક્ષણના બિન-તાલીમી શિક્ષકો માટે |
| સમયગાળો | ૪૦ દિવસ |
| પેપર્સ | કુલ ૪ પેપર્સ |
| અભ્યાસનું માધ્યમ | ગુજરાતી |
| પરીક્ષાનું માધ્યમ | ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી |
| પ્રમાણપત્ર | કોર્સ પૂર્ણ કરનાર શિક્ષકોને નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબની પરીક્ષા બાદ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા તાલિમી પ્રશિક્ષણનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. |
| કોર્ષ/તાલીમનું સ્થળ | તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય, ટીમલિયાવાડ, નાનપુરા, સુરત |
| સમય | શનિવાર અને રવિવાર (રજાના દિવસો) |

આ કોર્સ દ્વારા પૂર્વ-પ્રાથમિક શિક્ષણના બિન-તાલીમી શિક્ષકો તેમની સજ્જતામાં વધારો કરી શકશે અને બાળકેળવણીના આધુનિક પ્રવાહોથી માહિતગાર થઈ શકશે. આથી, આપની શાળામાં કાર્યરત બિન-તાલીમી પૂર્વ-પ્રાથમિક શિક્ષકો અને સંચાલકોને આ તાલિમી પ્રમાણપત્ર કોર્સ અંગે તાત્કાલિક માહિતગાર કરવા અને તેમને આ કોર્સમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે

**ઉક્ત કોર્ષ/તાલીમનાં પ્રવેશફોર્મ સાથેના આધારો અને ભરેલ ફીની વિગતની ઝેરોક્ષ જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય, ટીમલિયાવાડ, નાનપુરા, સુરત ખાતે આચાર્યશ્રી હીનાબેન પવારને રૂબરૂમાં જમા કરાવવાનાં રહેશે.**

**સદર તાલીમ/કોર્ષમાં માર્યાદિત સંખ્યામાં તાલીમાર્થીને પ્રવેશ આપવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે તાલીમાર્થીએ નોંધણી કરાવી લેવા જણાવવામાં આવે છે.**

**નોંધણી ફોર્મ જમા કરાવવાનું સ્થળ : જીવનભારતી મંડળ સંચાલિત તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય, ટીમલિયાવાડ, નાનપુરા, સુરત**

બિડાણ: (૧) સંદર્ભ દર્શિત પત્રો
(૨) ચિલ્ડ્રન રીસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગરની કોર્ષ માટેની માર્ગદર્શિકા
(૩) પ્રવેશ ફોર્મ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો-સુરત.

નકલ રવાના:
(૧) રજીસ્ટ્રારશ્રી,ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
(૨) ટ્રસ્ટીશ્રી, ગીજુભાઈ બધેકા બાળ કેળવણી રિસોર્સ સેન્ટર
(૩) એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર
(૪) ડૉ. કૃણાલ પંચાલ, (કો-ઓર્ડીનેટર) ચિલ્ડ્રન રીસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
(૫) મંત્રીશ્રી, જીવનભારતી મંડળ, નાનપુરા, સુરત.
(૬) આચાર્યશ્રી હીનાબેન પવાર, તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય,ટીમલિયાવાડ, નાનપુરા, સુરત

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર
# અને
# શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર
# આયોજિત
## પ્રિ – સ્કૂલ શિક્ષકો માટે પ્રમાણપત્ર કોર્સ (૪૦ દિવસ)
## પ્રવેશ ફોર્મ

PHOTO

| ઓફિસ ઉપયોગ માટે | | |
|---|---|---|
| ફોર્મ નંબર : | તારીખ : | સ્થળ : |

| | | |
|---|---|---|
| પુરૂ નામ (ગુજરાતી) | : | |
| પુરૂ નામ (અંગ્રેજી કેપિટલ) | : | |
| પુરૂષ / સ્ત્રી | : | |
| જન્મ તારીખ | : | |
| સરનામું | : | |
| મોબાઈલ નંબર,<br>વ્હોટસએપ નંબર | : | |
| ઈ–મેઈલ આઇ.ડી. | : | |
| આધાર નંબર | : | |
| શૈક્ષણિક લાયકાત | : | |
| શૈક્ષણિક અનુભવ | : | |
| હાલમાં કાર્યરત સંસ્થાનું નામ | : | |
| હાલમાં કાર્યરત સંસ્થાનું સરનામું | : | |
| ફી ભર્યાનો ટ્રાન્ઝેકશન આઈ.ડી. | : | |

..............................
(સહી)

ફોર્મ સાથે જરૂરી પ્રમાણપત્રો :
(૧) ધોરણ : ૧૦ તથા ૧૨ ની માર્કશીટની ખરી નકલ.
(૨) લિવિંગ સર્ટિફીકેટની નકલ.
(૩) સ્નાતક કે અનુસ્નાતકની માર્કશીટ.
(૪) આધાર કાર્ડની નકલ.

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર
## અને
## શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર
## આયોજિત

## પ્રિ – સ્કૂલ શિક્ષકો માટે પ્રમાણપત્ર કોર્સ (૪૦ દિવસ)

- બાળકેળવણી ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતી સંસ્થા દ્વારા બાળ ઘડતર સંદર્ભે પ્રાયોગિક અને સૈદ્ધાંતિક પ્રશિક્ષણ.
- શ્રી ગિજુભાઈ બધેકાની શિક્ષણ પદ્ધતિનું વ્યાવહારિક ઉપયોજન.
- પંચકોશ આધારિત જીવન વ્યવહારની પ્રવૃત્તિઓ.
- બાળકનાં શારીરિક, માનસિક, સામાજિક અને ભાષા વિકાસની શાસ્ત્રીય સમજ.
- બાળરમતો, બાળવાર્તા, સંગીત અને કલાઓનું પ્રશિક્ષણ.
- બાળ માનસશાસ્ત્ર અને બાળ આરોગ્યશાસ્ત્રની બૃહદ સમજ.
- શ્રી દક્ષિણામૂર્તિની વિશિષ્ટ પ્રવૃત્તિઓનો પરીચય અને નિદર્શન.
- કોર્સ ફી રૂ. ૧૦,૦૦૦/-
- ફી ચુકવણી નીચેની એકાઉન્ટ વિગતો અથવા QR CODE દ્વારા કરી શકાશે.
- ACCOUNT NAME : DAXINAMURTI VIDYARTHI BHAVAN
- SAVING BANK A/C. NO. : 67750100011188.
- IFSC CODE : BARB0VJBHAV
- BANK NAME : BANK OF BARODA, WAGHAWADI ROAD BRANCH, BHAVNAGAR – 364002.

:: સંપર્ક ::


વિપુલ વ્યાસ,
એક્ઝીક્યુટીવ ઓફિસર,
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન,
ભાવનગર.
મો. : ૯૮૨૫૩૪૫૧૫૮.

ડૉ. કૃણાલ પંચાલ,
કોર્સ કો-ઓર્ડિનેટર
ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સીટી,
ગાંધીનગર.
મો. : ૯૪૨૯૨૯૭૭૩૭.

Children's
RESEARCH UNIVERSITY

જાવક નંબર : CRU/COT/GBRC/2025-66 તા: ૧૩/૧૧/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સુરત.

**વિષય : પ્રિ – સ્કૂલ ટીચર્સ કોર્સ (૪૦ દિવસ) નાં પ્રચાર – પ્રસાર બાબતે.**

સાદર વંદન.

સવિનય જણાવવાનું કે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગરનાં સંયુક્ત ઉપક્રમે દક્ષિણામૂર્તિ બાળ કેળવણી રિસોર્સ સેન્ટરનાં એમ.ઓ.યુ. થયા છે, જે અંતર્ગત પૂર્વ પ્રાથમિક શિક્ષણનાં બિન-તાલીમી શિક્ષકો માટે ૪૦ દિવસનો પ્રમાણપત્ર કોર્સ સુરત ખાતે પૂર્વ – પ્રાથમિક શિક્ષકોની સજ્જતા માટે શરુ કરવા જઈ રહ્યા છીએ.

સુરત શહેરની પૂર્વ પ્રાથમિક શાળાઓનાં સંચાલકો અને શિક્ષકોને આ કોર્સ અંગે માહિતગાર કરી આપની કક્ષાએથી પ્રચાર – પ્રસાર કરી યોગ્ય કરવા વિનંતી.

૪૦ દિવસનો આ પ્રમાણપત્ર કોર્સ કરનાર શિક્ષકોની નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબની પરીક્ષા અને પ્રમાણપત્રની વ્યવસ્થા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નિયત થયેલ અભ્યાસક્રમ અને આનુશંગિક વિગતો આ સાથે સામેલ છે.

આ સાથે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને દક્ષિણામૂર્તિ બાળ કેળવણી રિસોર્સ સેન્ટર સાથે થયેલા એમ.ઓ.યુ.ની નકલ સામેલ છે.

આભાર સહ..

**(ડૉ. નીલેશ પંડ્યા)**
રજીસ્ટ્રાર,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

**બિડાણ :**
૧. પ્રમાણપત્ર કોર્સની નકલ
૨. એમ. ઓ. યુ. ની નકલ

## Children's Research University, Gandhinagar
## And
## Shri Dakshinamurti Vidyarthi Bhavan, Bhavnagar

# શ્રી ગીજુભાઈ બધેકા બાળકેળવણી રિસોર્સ સેન્ટર

# દ્વારા

# જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરતના સહયોગથી

# આયોજિત

# Certificate Course in Pre-school Education

| | |
|---|---|
| Duration | 40 Days |
| Total Credits | **16 (Theoretical: 12 and Practical: 4)** |
| Total Hours | **300 Hours (Theoretical: 180 and Practical: 120)** |
| Paper | **Total 4 Papers (3 Theoretical and 1 Practical)** |
| Medium of Instruction | **Gujarati** |
| Medium of Examination | **Gujarati, Hindi and English** |

# Curriculum Construction Committee

| |
|---|
| **Dr. Nilesh Pandya**<br>Associate Professor,<br>Children's Research University, Gandhinagar |
| **Dr. Bhagirathsinh Parmar**<br>District education officer, Surat |
| **Shri Vipulbhai Vyas**<br>Formal Principal,<br>Dakshinamurti Bal Adhyapan Mandir, Bhavnagar |
| **Dr. Chirag Darji**<br>Associate Professor,<br>Children's Research University, Gandhinagar |
| **Dr. Jay Oza**<br>Assistant Professor,<br>Children's Research University, Gandhinagar |
| **Dr. Krunal Panchal**<br>Assistant Professor, (Course Coordinator)<br>Children's Research University, Gandhinagar |

## અભ્યાસક્રમની અધ્યયન નિષ્પત્તિઓ:

૧. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણની સૈદ્ધાંતિક આધારશીલા સમજશે.

૨. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ અંગેના ભારતીય અને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય અંગે સમજશે અને તુલના કરશે.

૩. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ માટેની મનોવૈજ્ઞાનિક સમજ અને તેના વ્યાવહારિક પ્રયોજન વિશે સ્પષ્ટતા મેળવશે.

૪. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ અંગેના અધ્યાપનશાસ્ત્રીય અભિગમો અને ક્રિયાકલાપો માટેની સજ્જતા કેળવશે.

૫. પ્રશિક્ષણાર્થીઓ શિશુના પંચકોશાત્મક વિકાસને સમજશે.

૬. પ્રશિક્ષણાર્થીઓ શિશુરૂપી બીજના સમગ્ર વિકાસ માટે ધાત્રીમાતાને કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ અને જીવનવ્યવહારની બાબતો સમજશે.

૭. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણના વ્યાવહારિક પક્ષને સમજવા માટે શિશુશિક્ષણ અને તેની વ્યવસ્થાનો પ્રત્યક્ષ અનુભવ મેળવશે.

૮. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ સંદર્ભે સમાજ પ્રબોધન અને વાલીશિક્ષણના કાર્યક્રમોની સમજ કેળવશે અને તેમાં સક્રિય ભૂમિકા ભજવશે.

૯. પ્રશિક્ષણાર્થીઓ શ્રી ગીજુભાઈ બધેકાના બાળ કેળવણી પરત્વેના પ્રદાનને જાણશે.

૧૦. પ્રશિક્ષણાર્થીઓ એક સજ્જ અને યોગ્ય શિક્ષક તરીક કાર્ય કરવા માટે ગુણો-કૌશલો અને જીવનવ્યવહારને આત્મસાત કરશે.

## અભ્યાસક્રમની સામાન્ય માહિતી

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | પ્રવેશ માટેની લઘુતમ લાયકાત | ધોરણ : ૧૨ પાસ |
| ૨ | અભ્યાસક્રમનો સમયગાળો | ૪૦ દિવસ |
| ૩ | બાહ્ય અને આંતરિક મૂલ્યાંકનનું પ્રમાણ | ૫૦ : ૫૦ |
| ૪ | ઇન્ટર્નશિપનો સમયગાળો<br>(૬૦ કલાક = ૧૦ દિવસ * ૬ કલાક) | ૧૦ દિવસ |
| ૫ | ઉતીર્ણ થવાનું ધોરણ | સૈદ્ધાંતિક : ૪૦ %<br>પ્રાયોગિક : ૪૦ % |

## સર્ટીફીકેટ કોર્સ અને ટ્રેનીંગ સંદર્ભે તાલીમાર્થીએ અમલ કરવાની બાબતો :

1. પ્રશિક્ષણ વર્ગ કે કોર્સ ચલાવવા માટે બંને સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે ચાલશે.
2. કોર્સમાં ઓછામાં ઓછી ૮૫% હાજરી ફરજીયાત રહેશે. વિશેષ અનુપસ્થિતિના કિસ્સામાં મેડિકલ સર્ટિફિકેટ અથવા પૂર્વ મંજૂરી લેવી જરૂરી જરૂરી છે.
3. કોર્સ ફી એક સાથે નક્કી કરેલી તારીખ સુધીમાં ભરવાની રહેશે.
4. સંસ્થા દ્વારા આપવામાં આવેલી નોટ્સ, પુસ્તકો અને ઓનલાઇન મટિરિયલનો નિયમિત અભ્યાસ કરવાનો રહેશે.
5. દરેક એસાઇનમેન્ટ અને પ્રોજેક્ટ સમયમર્યાદામાં સબમિટ કરવાના રહેશે.
6. આંતરિક પરીક્ષા, પ્રેક્ટિકલ અને અંતિમ પરીક્ષામાં ભાગ લેવો ફરજિયાત છે.
7. પાસ થવા માટે ઓછામાં ઓછા 40% ગુણ જરૂરી છે.
8. તાલીમ સમયે સંસ્થાના પરિસરમાં મોબાઇલ ફોનનો ઉપયોગ મર્યાદિત, ધૂમ્રપાન કે કોઈપણ અનૈતિક વર્તન સખત પ્રતિબંધિત છે.
9. કોઈપણ સમસ્યા કે માહિતી માટે કોર્સ કોઓર્ડિનેટરનો સંપર્ક કરવાનો રહેશે.
10. તાલીમ કે કોર્સ સંબંધિત આખરી સત્તા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન રહેશે.
11. પ્રશિક્ષણ વર્ગ કે કોર્સનું સૈદ્ધાંતિક શિક્ષણ સુરત ખાતે આપવામાં આવશે. સમગ્ર તાલીમ દરમિયાન ભાવનગર દક્ષિણામૂર્તિ સંસ્થા ખાતે ૩ દિવસ નિવાસીય એક્સપોઝર વિઝીટ ફરજીયાત રહેશે.
12. પ્રશિક્ષણ વર્ગ કે કોર્સ સંબંધિત તમામ શૈક્ષણિક અને વહીવટી ફાઈલો અને આધારો દક્ષિણામૂર્તિ સંસ્થા દ્વારા નિભાવવામાં આવશે.
13. પ્રશિક્ષણાર્થીઓની હાજરી, તેમના ટાસ્ક સબમીશન, પરીક્ષા પેપર કાઢવાની, તપાસવાની તથા તમામ પ્રકારના મૂલ્યાંકનની વ્યવસ્થા દક્ષિણામૂર્તિ સંસ્થા દ્વારા કરવામાં આવશે.
14. પ્રશિક્ષણાર્થીઓ માટે પ્રશ્નપત્રો છાપવાની, પહોચાડવાની તથા પ્રમાણપત્ર બનાવવાની પ્રક્રિયા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.
15. ઉપરોક્ત બાબતો તથા આ સિવાયની કોઈપણ બાબતોમાં નિર્ણયની આખરી સત્તા કુલપતિશ્રી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની રહેશે.

# અભ્યાસક્રમની ભૂમિકા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦માં પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ પર  વિશેષ ભાર મૂકી ત્રણ થી આંઠ વર્ષ સુધીના શિક્ષણની વાત કરી છે. ભારતના ભાવિ નાગરિકના નિર્માણ માટે શિક્ષણનો આધાર ભારતીય શાસ્ત્રો હોવા જોઈએ. રાઈટ ટુ એજ્યુકેશન, ૨૦૦૯માં ૬ થી ૧૪ વર્ષ સુધીના બાળકોના શિક્ષણની વાત કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦માં તે પૂર્વેના શિક્ષણ એટલે કે ત્રણથી આંઠ વર્ષ સુધીના શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. ૬ થી ૮ વર્ષના શિક્ષણને પણ સરકારની દેખરેખ હેઠળ પ્રાથમિક શાળાઓ સાથે જોડીને અસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. પ્રસ્તુત નીતિમાં આંગણવાડી અને પૂર્વપ્રાથમિક શિક્ષણનો રાષ્ટ્રીય સ્તરનો અભ્યાસક્રમ બનાવી દેશમાં લાગુ કરવા માટેનું સૂચન કરવામાં આવ્યું છે. આ સમયગાળાના શિક્ષણને અસરકારક બનાવવા શિક્ષક પ્રશિક્ષણ અત્યંત જરૂરી છે. આ હેતુથી ધોરણ ૧૨ પાસ માટે ૫૦ દિવસનો સર્ટિફિકેટ કોર્સ શરુ કરવાની ભલામણ કરવામાં આવી છે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી એ બાળ શિક્ષણક્ષેત્રે કામ કરતી ભારતની એક માત્ર યુનિવર્સિટી છે. તેના એક્ટની કલમ ૬.૮ ના ૬.૧૬ મુજબ આ સંદર્ભે નેતૃત્વ લઈ એક ઉત્તમ કક્ષાનો અભ્યાસક્રમ બનાવવાનુ દાયિત્વ તેના શિરે છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ, ૨૦૨૦ની ઘોષણા બાદ બાળશિક્ષણ માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સંવેદનશીલ કુલપતિ શ્રી માનનીય ડૉ. ટી.એસ. જોશી સાહેબના માર્ગદર્શન હેઠળ શિશુશિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રે કામ કરતા શિશુ શિક્ષકોના શિક્ષણ માટે પ્રવૃત્તિ આધારિત અને ભારતીય સંસ્કૃતિને પોષક એવા અભ્યાસક્રમનું નિર્માણ કર્યું છે.

આ અભ્યાસક્રમ વ્યવસ્થિત રીતે ચલાવી શકે તેવા શિક્ષકો તૈયાર કરવા માટે પ્રશિક્ષણનો અભ્યાક્રમ પણ જરૂરી બને છે. તેના માટે ગુજરાતના શિશુશિક્ષણ ક્ષેત્રે પ્રવૃત્ત શિક્ષકો અને પ્રશિક્ષકોની મદદથી સર્ટિફિકેટ કોર્સ બનાવવામાં આવ્યા છે. શિક્ષકોમાં ભારતીય સંસ્કૃતિ માટે શ્રદ્ધા કેળવાય, તેઓ જ્ઞાનથી સભર બને, અભ્યાસક્રમના હેતુઓને સમજે, પ્રવૃત્તિઓ સ્વયં કરે અને કરાવવા માટે સક્ષમ બને તે મુજબનો અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો છે. મેડમ મોન્ટેસોરીની પ્રેરણાથી ભારતમાં શિશુશિક્ષણ સંદર્ભે ઉત્તમ યોગદાન આપનાર  'મૂછાળી માં' ના નામે જાણીતા ગિજુભાઈ બધેકા, તારાબેન મોડક, વિદ્યાભારતી શિશુવાટિકા પદ્ધતિ અને સમગ્ર વિકાસ પદ્ધતિના પ્રયોગોનો પણ આધાર લેવામાં આવ્યો છે. ભારતીય મનોવિજ્ઞાન અને યોગશાસ્ત્રમાં વર્ણવેલા વિકાસ અને શિક્ષણના સિદ્ધાંતોનું પણ અધ્યયન કરવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિને પોષક એવા ઉત્તમ શિક્ષકોના નિર્માણ માટે નવીનતમ સંકલ્પના સાથે અભ્યાસક્રમ રચવામાં આવ્યો છે. સમયાંતરે આવશ્યકતા મુજબ પરિવર્તનો આવકાર્ય છે.

## કામના દિવસો અને તેમની ફાળવણી

- આ પ્રમાણપત્ર કોર્સ રજાના દિવસો, વેકેશનના સમયમાં તેમજ સંસ્થા અને પ્રતિભાગીઓની અનુકુળતા પ્રમાણે કુલ ૪૦ દિવસનો રહેશે.

### મૂલ્યાંકન યોજના :

૧. પ્રશિક્ષણાર્થીએ ફરજિયાતપણે ઉત્તીર્ણ થવાનું રહેશે અને તેના ગુણાંકનને અંતિમ ગુણપત્રકમાં સ્થાન આપવામાં આવશે. ઉત્તીર્ણ થવાનું ધોરણ ૪૦ ટકાનું રહેશે.

૪. પ્રશિક્ષણાર્થીની ઓછામાં ઓછા ૮૫% હાજરી ફરજિયાત છે. આથી ઓછી હાજરી હોય તેવા કિસ્સામાં યુનિવર્સિટી ઑર્ડિનાન્સ પ્રમાણેની કાર્યવાહીના આધારે નિર્ણય કરવાનો રહેશે.

૫. પ્રશિક્ષણાર્થીએ શિક્ષણ, કાર્યશિક્ષણ, સમૂહજીવન, અને કૌશલ્ય શિક્ષણના અભ્યાસક્રમમાં નિયત કરેલ વાર્ષિક કામ સંતોષકારક રીતે પૂરું કરવાનું રહેશે.

૬. આ સિવાયની તમામ બાબતો અને ઉપરની બાબતો અંગે પણ યુનિવર્સિટી અને દક્ષિણામૂર્તિ સંસ્થાના નિયમોને ધ્યાને લઈને નિર્ણય કરવાનો રહેશે.

| ક્રમ | પેપર કોડ | પ્રશ્નપત્ર | ક્રેડિટ | કલાક | આંતરિક મૂલ્યાંકન | બાહ્ય મૂલ્યાંકન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિશુશિક્ષણ સૈદ્ધાંતિક આધારશીલા** | | | | | |
| ૧. | **101** | **શિશુસંભાળ અને કેળવણી વૈશ્વિક પરિપ્રેક્ષ્ય** | ૪ | ૬૪ | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| | | **શિશુવિકાસ અને શિશુશિક્ષણ** | | | | | |
| ૨. | **102** | **શિશુવિકાસ પ્રક્રિયા અને સ્વરૂપ** | ૪ | ૬૪ | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| ૩. | **103** | **ગીજુભાઈ બધેકાનું અધ્યાપન શાસ્ત્ર** | ૪ | ૬૪ | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| ૪. | **104** | **શિક્ષક સ્વવિકાસ (પ્રેક્ટીકલ)** | ૪ | ૬૪ | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| | | કુલ | ૧૬ | ૨૫૬ | ૨૦૦ | ૨૦૦ | ૪૦૦ |

**મૂલ્યાંકન માળખું :**

પ્રત્યેક પ્રશ્નપત્ર પ્રમાણે અધ્યાપકશ્રી પ્રશિક્ષણાર્થીઓને નીચે પ્રમાણેના કાર્યમાં સહભાગી થવાની તક આપશે. તેમાં પ્રશિક્ષણાર્થીઓના નિવર્તનના આધારે તેમનું મૂલ્યાંકન કરીને તેમને ૧૦૦ માંથી ગુણ પ્રદાન કરશે. તે માટે નીચે પ્રમાણેના માળખાંને ધ્યાનમાં લેવાનું રહેશે.

| પરીક્ષા | સુપરત કાર્ય : ૧ | સુપરત કાર્ય : ૨ | કુલ ગુણ |
|---|---|---|---|
| ૮૦ | ૧૦ | ૧૦ | ૧૦૦ |

| ક્રમ | પેપર કોડ | પ્રશ્નપત્ર | ક્રેડિટ | કલાક | આંતરિક મૂલ્યાંકન | બાહ્ય મૂલ્યાંકન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૦૧ | શિશુસંભાળ અને કેળવણી વૈશ્વિક પરિપ્રેક્ષ્ય | ૪ | ૬૦ | ૨૦ | ૮૦ | ૧૦૦ |

## 101- શિશુસંભાળ અને કેળવણી: વૈશ્વિક પરિપ્રેક્ષ્ય

**અધ્યયન નિષ્પત્તિઓ** :

૧. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણની ભારતીય સંકલ્પના સમજાવશે.

૨. પ્રશિક્ષણાર્થીઓ વ્યક્તિત્વ વિકાસની ભારતીય સંકલ્પના વિશે સમજાવશે.

૩. પ્રશિક્ષણાર્થીઓ વિવિધ વિદ્વાનોના શૈક્ષણિક પ્રદાન વિશે સમજાવશે.

૪. પ્રશિક્ષણાર્થીઓ ભારતીય અને પાશ્ચાત્ય શિશુશિક્ષણનો તુલનાત્મક અભ્યાસ કરશે.

૫. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણના વિવિધ આયામો વિશે સમજૂતી પ્રાપ્ત કરશે.

| એકમ | શિશુ સંભાળ અને કેળવણી વૈશ્વિક પરિપ્રેક્ષ્ય | ક્રેડિટ |
|---|---|---|
| 1 | **શિશુશિક્ષણની ભારતીય સંકલ્પના (શિશુશિક્ષણનું ભારતીય તત્ત્વજ્ઞાન)** | 1 |
| 1.1 | ભારતીય શિશુશિક્ષણની સૈદ્ધાંતિક આધારશીલા (ભારતીય જીવનદર્શન અને શિક્ષણદર્શન) | |
| 1.2 | શિક્ષણનો ઉદ્દેશ્ય સમગ્ર વિકાસ સંદર્ભે : પંચકોશાત્મક અને વ્યષ્ટિથી પરમેષ્ઠીગત વિકાસ | |
| 1.3 | શિશુશિક્ષણના ઉદ્દેશ, સંકલ્પના અને સ્વરૂપ | |
| 1.4 | શિશુશિક્ષણ અને પ્રાથમિક શિક્ષણનો તફાવત | |
| | | |
| 2 | **શિશુશિક્ષણની પાશ્ચાત્ય વ્યવસ્થા (શિશુશિક્ષણનું પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન)** | 1 |
| 2.1 | પાશ્ચાત્ય દેશોમાં શિશુશિક્ષણ ઉદ્ભવ અને વિકાસ : કારણો( સામાજિક સ્થિતિ ) | |
| 2.2 | મોન્ટેસરી પદ્ધતિ | |
| 2.3 | કિન્ડરગાર્ટન પદ્ધતિ અને નર્સરી પદ્ધતિ | |
| 2.4 | પાશ્ચાત્ય અને ભારતીય શિશુશિક્ષણની તુલના | |
| | | |
| 3 | **શિશુશિક્ષણની આધારશીલા** | 1 |

| | | |
|---|---|---|
| **3.1** | ગર્ભાવસ્થાથી યુવાવસ્થા સુધીના શિક્ષણનો આંતરસંબંધ | |
| **3.2** | શિશુઅવસ્થામાં શિક્ષણનું પ્રયોજન : શિશુના સમગ્રવિકાસની દૃષ્ટિએ | |
| **3.3** | શિશુશિક્ષણ સંદર્ભે ક્રિયાકલાપો અને વિષયશિક્ષણનો આંતરસંબંધ. | |
| **3.4** | શિશુવિકાસમાં અવરોધક પરિબળો | |
| | | |
| **4** | **શિશુવિકાસના આયામો** | **1** |
| **4.1** | વયકક્ષા અનુસાર શિશુવિકાસ, તેના કારક તત્ત્વો અને માધ્યમો | |
| **4.2** | શિશુવિકાસના આયામો : શિશુશિક્ષણનું માધ્યમ : ક્રિયા અને અનુભવ, (આનંદમૂલક, જ્ઞાનાર્જન પ્રક્રિયા અને એકાત્મભાવ) | |
| **4.3** | સંસ્કારસિદ્ધાંત અને સંસ્કાર પ્રક્રિયા | |
| **4.4** | શિશુ વિકાસના કારક તત્વોના રૂપમાં અનૌપચારિકતા,સહજતા, પ્રેમ અને વિશ્વાસ, અંત:પ્રેરણા | |

| ક્રમ | પેપર કોડ | પ્રશ્નપત્ર | ક્રેડિટ | કલાક | આંતરિક મૂલ્યાંકન | બાહ્ય મૂલ્યાંકન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૨. | 102 | શિશુવિકાસ પ્રક્રિયા અને સ્વરૂપ | ૪ | ૬૦ | ૨૦ | ૮૦ | ૧૦૦ |

# 102- શિશુવિકાસ પ્રક્રિયા અને સ્વરૂપ

**અધ્યયન નિષ્પત્તિઓ :**

૧. પ્રશિક્ષણાર્થીઓ પ્રાચીન ભારતીય શિક્ષણવ્યવસ્થા અને તેના ઈતિહાસથી પરિચય કેળવશે.

૨. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ ક્ષેત્રે થયેલા વિવિધ પ્રયોગો અને સરકારશ્રીની નીતિ અને યોજનાઓથી માહિતગાર બનશે.

૩. પ્રશિક્ષણાર્થીઓ ભારતમાં શિશુશિક્ષણ અંગેની જોગવાઈઓ, વર્તમાન સ્થિતિ અને ભવિષ્યલક્ષી આયોજનથી પરિચિત થશે.

૪. પ્રશિક્ષણાર્થીઓ જન્મથી છ વર્ષ સુધીના અનૌપચારિકથી ઔપચારિક સુધીના શિશુશિક્ષણના સ્વરૂપ અને તેના વિવિધ આયામોથી માહિતગાર થશે.

૫. પ્રશિક્ષણાર્થીઓ શિશુ અવસ્થા સંબંધિત શિશુ મનોવિજ્ઞાનની ભૂમિકાથી સ્પષ્ટ બનશે.

| એકમ | શિશુ વિકાસ પ્રક્રિયા અને સ્વરૂપ | ક્રેડિટ |
|---|---|---|
| 1 | શિશુશિક્ષણ: પ્રાચીન અને અર્વાચીન | 1 |
| 1.1 | પ્રાચીનભારતીય શિક્ષણ વ્યવસ્થા અને શિશુશિક્ષણ | |
| 1.2 | ઔપચારિક શિશુશિક્ષણનું ભારતમાં આગમન અને સ્વીકૃતિ | |
| 1.3 | શિશુશિક્ષણના પ્રયોગો : ગિજુભાઈ બધેકા, જુગતરામભાઈ દવે, તારાબેન મોડક | |
| 1.4 | પ્રવર્તમાન શિશુશિક્ષણનું સ્વરૂપ,પડકારો અને દુષ્પરિણામો | |
| | | |
| 2 | **ભારતમાં શિશુશિક્ષણની નીતિઓ, જોગવાઈઓ અને સંસ્થાઓ .** | 1 |
| 2.1 | શિશુશિક્ષણ અંગે શિક્ષણનો અધિકાર(RTE) અને અન્ય જોગવાઈઓ (વિશિષ્ટ શિક્ષણ, અનાથ બાળકો વગેરે) | |
| 2.2 | આંગણવાડી યોજના : સરકારશ્રીના વિવિધ એકમો અને યોજનાઓ | |
| 2.3 | વિવિધ સંસ્થાઓ અને કાર્યો : UNICEF, UN, WHO વગેરે | |
| 2.4 | નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : શિશુશિક્ષણસંદર્ભે | |
| | | |
| 3 | **રાષ્ટ્રીય શિક્ષણનીતિ – ૨૦૨૦ સંદર્ભે શિશુશિક્ષણનું ભાવિદર્શન.** | 1 |

| | | |
|---|---|---|
| **3.1** | જન્મ પૂર્વેનું શિક્ષણ (સગર્ભા માતા દ્વારા ગર્ભસ્થ શિશુનું શિક્ષણ) | |
| **3.2** | શિશુસંભાળ અને ઉછેરમાં પરિવારની ભૂમિકા (જન્મથી ત્રણ વર્ષ) | |
| **3.3** | શિશુશિક્ષણનું અનૌપચારિક સ્વરૂપ (ત્રણથી પાંચ વર્ષ) | |
| **3.4** | સંસ્કારપ્રક્રિયાથી શિક્ષણ પ્રક્રિયા તરફ (પાંચમું અનેછઠ્ઠુ વર્ષ) (અનૌપચારિક પદ્ધતિ અને ઔપચારિક પદ્ધતિનો સમન્વય) | |
| | | |
| **4** | **શિશુસંભાળ અને માવજત** | **1** |
| **4.1** | શિશુની સ્વાભાવિક વિશેષતાઓ, શિશુની અવાંછનીય ટેવો અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સમાધાન | |
| **4.2** | શિશુની શારીરિક અને માનસિક આવશ્યકતાઓ | |
| **4.3** | શિશુ અવસ્થામાં કરવામાં આવતા પારંપરિક સંસ્કારો અને તેનો શારીરિક – માનસિક સ્વાસ્થ્ય પર પ્રભાવ | |
| **4.4** | શિશુનો આહાર – વિહાર, કપડાં, રમકડાં, બાળરોગો, કુપોષણ : પડકારો અને ઉપાયો | |

| ક્રમ | પેપર કોડ | પ્રશ્નપત્ર | ક્રેડિટ | કલાક | આંતરિક મૂલ્યાંકન | બાહ્ય મૂલ્યાંકન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૩. | 103 | ગીજુભાઈ બધેકાનું અધ્યાપન શાસ્ત્ર | ૪ | ૬૦ | ૨૦ | ૮૦ | ૧૦૦ |

## 103- ગીજુભાઈ બધેકાનું અધ્યાપન શાસ્ત્ર

**અધ્યયન નિષ્પત્તિઓ :**

૧. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ માટેના શિક્ષકના આવશ્યક ગુણ કેળવે અને કૌશલો વિકસાવશે.

૨. પ્રશિક્ષણાર્થીઓ પંચકોશ આધારિત અને વ્યષ્ટિથી પરમેષ્ઠીગત વિકાસ માટેના ક્રિયાકલાપ કરાવી શકશે.

૩. પ્રશિક્ષણાર્થીઓ વાંચન, લેખન અને ગણન સંબંધી સંકલ્પનાના શિક્ષણ માટેની પ્રવૃત્તિઓની રચના અને તેનો અમલ કરી શકશે.

૪. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ સંદર્ભે શૈક્ષણિક ભૌતિક અને વહીવટી પ્રક્રિયાઓથી માહિતગાર બનશે.

૫. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણમાં મૂલ્યાંકન અને તેમાં ઉપયોગી પ્રયુક્તિ અને ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવશે.

| એકમ | ગીજુભાઈ બધેકાનું અધ્યાપન શાસ્ત્ર | ક્રેડિટ |
|---|---|---|
| 1 | **ગીજુભાઈ બધેકાનું જીવન કવન** | 1 |
| 1.1 | ગીજુભાઈ બધેકાનો પરિચય | |
| 1.2 | ગીજુભાઈ બધેકા નિર્મિત બાળકો માટેનું સાહિત્ય | |
| 1.3 | ગીજુભાઈ બધેકા નિર્મિત માતાપિતા માટેનું સાહિત્ય | |
| 1.4 | ગીજુભાઈની દ્રષ્ટિએ શિશુ શિક્ષણ | |
| | | |
| 2. | **શિશુ શિક્ષણના આરાધકો** | 1 |
| 2.1 | શ્રી નાનાભાઈ ભટ્ટ | |
| 2.2 | તારાબેન મોડક | |
| 2.3 | હરભાઈ ત્રિવેદી | |
| 2.4 | મનુભાઈ પંચોલી | |
| | | |

| | | |
|---|---|---|
| **3** | **દક્ષિણામૂર્તિની બાળ શિક્ષણ પદ્ધતિ** | 1 |
| **3.1** | શિશુશિક્ષણ માટે શિક્ષકના આવશ્યક ગુણો- કૌશલો | |
| **3.2** | શિશુશિક્ષણના કેન્દ્રો : ઘર અને વિદ્યાલય | |
| **3.3** | પરિવાર પ્રશિક્ષણની સંકલ્પના અને સ્વરૂપ | |
| **3.4** | લોકશિક્ષણનો ઉદ્દેશ, માધ્યમો અને પદ્ધતિઓ. | |
| | | |
| **4** | **શિશુશિક્ષણ સંચાલન (શૈક્ષણિક અને વહીવટી) (પ્રેક્ટીકલ)** | 1 |
| **4.1** | પ્રવેશ પ્રક્રિયા : પ્રવેશપત્ર, વાલીસંવાદ વગેરે | |
| **4.2** | વાલીસંપર્ક, વાલીપ્રશિક્ષણ-સંમેલન, | |
| **4.3** | આયોજન : દૈનિક, વાર્ષિક,કાર્યક્રમ આયોજન | |
| **4.4** | સાધનસામગ્રી નિર્માણ, ભૌતિક વ્યવસ્થાઓ અને વર્ગસંચાલન | |

| ક્રમ | પેપર કોડ | પ્રશ્નપત્ર | ક્રેડિટ | કલાક | આંતરિક મૂલ્યાંકન | બાહ્ય મૂલ્યાંકન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૪. | 104 | શિક્ષક સ્વ-વિકાસ (પ્રેક્ટીકલ) | ૪ | ૬૦ | ૨૦ | ૮૦ | ૧૦૦ |

## 104 શિક્ષક સ્વ-વિકાસ(પ્રેક્ટીકલ)

**અધ્યયન નિષ્પત્તિઓ :**

૧. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ માટેની સજ્જતા કેળવશે.

૨. પ્રશિક્ષણાર્થીઓ શિશુ શિક્ષક માટે સ્વવિકાસના ક્ષેત્રોનો પરિચય મેળવે અને તેનો અભ્યાસ કરશે.

૩. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ માટેના અધ્યાપન કૌશલ્યો કેળવશે.

૪. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ માટેની સાધનસામગ્રીની રચના કરી શકશે.

૫. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ માટે શૈક્ષણિક વાતાવરણ અને તેના નિર્માણ અંગેની સમજ કેળવશે.

૬. પ્રશિક્ષણાર્થીઓ પ્રવૃત્તિ આધારિત શિશુશિક્ષણ અંગેની સમજ કેળવશે.

| વિભાગ | શિક્ષક સ્વવિકાસ | ક્રેડિટ |
|---|---|---|
| A | **ઇન્ટર્નશીપ (૧૦ દિવસ)** | 2 |
| 1 | પ્રાયોગિક પાઠ : ૬ | |
| 2 | પ્રાયોગિક કાર્યનું અવલોકન : ૨૦ પાઠ | |
| 3 | વિશિષ્ઠ શાળા / સંસ્થા / પરિવારની મુલાકાત અને અહેવાલ | |
| 4 | સહાભ્યાસિક / સામુદાયિક પ્રવૃત્તિઓ અને અહેવાલલેખન | |
| B | **નીચે પૈકી કોઈપણ ચાર પ્રોજેક્ટ જમા કરાવવાના રહેશે.** | 2 |
| 1 | સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરીને મૌલિક લેખ/ પુસ્તક સમીક્ષા તૈયાર કરી વર્ગ સમક્ષા રજૂ કરો. | |
| 2 | વિષયને અનુલક્ષીને કોઈ મુદ્દા પર ચાર્ટ અથવા પોસ્ટર તૈયાર કરો. | |
| 3 | અધ્યાપક સોંપે તે મુદ્દા પર ફિલ્ડ વર્ક અથવા સર્વેક્ષણ કરી તેના આધારે અહેવાલ તૈયાર કરો. | |
| 4 | તમારાં અધ્યાપક સોંપે તે વિષય પર અભ્યાસ લેખ, સંશોધન પત્ર અથવા પ્રેઝન્ટેશન તૈયાર કરીને સમૂહ (વર્ગ) સમક્ષ રજૂ કરો. | |
| 5 | તમને આપવામાં આવેલા ચાર નિબંધાત્મક પ્રશ્નો (ચાર યુનિટના આધારે) તૈયાર કરો અને સૂચના મળેથી તે પૈકી અધ્યાપકશ્રી જણાવે તે બે પ્રશ્નોના ઉત્તર | |

| | |
|---|---|
| | લખો. |
| 6 | વિષયને અનુલક્ષીને ક્રિયાત્મક સંશોધન હાથ ધરવુ એને સંક્ષિપ્ત અહેવાલ તૈયાર કરવો. |
| 7 | પ્રશ્નપત્ર અથવા કોઈ મુદ્દાને અનુલક્ષીને જૂથચર્ચામાં સહભાગી થવું. |
| 8 | કોઈ વિશિષ્ટ સંસ્થા અથવા વ્યક્તિની મુલાકાતના આધારે અહેવાલ તૈયાર કરો. |
| 9 | વિષયને ધ્યાનમાં લઈને પ્રશ્નબેંક (લઘુત્તમ ૩૦ પ્રશ્નો) તૈયાર કરો. |
| 10 | વિષયને અનુરૂપ શિશુશિક્ષણમાં ઉપયોગી સામગ્રી, સાધન કે મોડેલ તૈયાર કરો. |

**અધ્યયન નિષ્પત્તિઓ** :

૧. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણના કૌશલ્ય-વિકાસ માટે શિશુશિક્ષણની ગતિવિધિમાં પ્રત્યક્ષ સહભાગી બનશે.

૨. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણના વર્ગશિક્ષણ કૌશલ હસ્તગત કરવા પ્રાયોગિક પાઠની તૈયારી અને અમલ કરશે.

૩. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ ક્ષેત્રે નિપુણતા પ્રાપ્ત કરવા માટે ક્ષેત્રકાર્ય અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ કરશે.

૪. પ્રશિક્ષણાર્થીઓ શિશુશિક્ષણ ક્ષેત્રે કાર્યરત શિક્ષકોના વર્ગકાર્યનું અવલોકન અને પરસ્પર મૂલ્યાંકન કરવાની ક્ષમતા કેળવશે.

# સંદર્ભસૂચિ

## Gujarati Books


1. **ભારતીય શિક્ષણ ગ્રંથમાળા ૧ અને ૨** (સંપાદિત). (૨૦૧૮) પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ, અમદાવાદ.
2. કાટદરે, ઈંદૂમતિ(૨૦૦૬). **શિશવાટિકા તત્વ અને વ્યવહાર** : સંસ્કાર ગુર્જરી, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ.
3. શાહ, હર્ષદ અને અન્ય(૨૦૧૯). પરિવારની પાઠશાળા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
4. તોમર, લજ્જારામ (અનુ. ઇન્દુમતી કાટદરે) (૧૯૯૧). **ભારતીય શિક્ષણના મૂળતત્ત્વો.** સંસ્કાર ગુર્જરી પ્રકાશન, અમદાવાદ.
5. શાસ્ત્રી, જયેન્દ્ર દવે (૧૯૮૬). **ભારતીય ચિંતકોનું શિક્ષણચિંતન.** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ. ચતુર્થ આવૃત્તિ.
6. શાસ્ત્રી, જયેન્દ્ર દવે (૧૯૮૩). **શિક્ષણ ચિંતકોનું શિક્ષણદર્શન.** બી.એસ.શાહ પ્રકાશન. અમદાવાદ. ચતુર્થ આવૃત્તિ.
7. નાનાભાઈ અને ગિજુભાઈ **(૧૯૮૦). મોન્ટેસોરી પદ્ધતિ**, ગિજુભાઈ : ભાવનગર.
8. પાઠક, ભરતભાઈ. **ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન**, આર. આર. શેઠની કંપની, અમદાવાદ.
9. પટેલ, મોતીભાઈ (૧૯૯૧). **કેળવણીના રાષ્ટ્રીય ઋષીઓ**,: આર. આર. શેઠની કંપની, અમદાવાદ.
10. **સંકલિત બાળવિકાસ યોજના (સંપાદિત).** કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ. ગાંધીનગર, ગુજરાત.
11. દવે, ઈલાબહેન. **સંકલિત બાળવિકાસ સેવાયોજના શીખો અને શિખવાડો**, ગુજરાત રાજ્ય અપરાધ પ્રતિબંધ ટ્રસ્ટ, અમદાવાદ.
12. કાટદરે, ઈંદુમતી. **લાલયેત પંચવર્ષાણિ**, સંસ્કાર ગુર્જરી, અમદાવાદ.
13. થાનકી, આશા. **શિશુ સંગોપન**:(સંપાદન). સંસ્કાર ગુર્જરી, અમદાવાદ.
14. ત્રિવેદી, જયેશ અને ઠક્કર, અલકા. **શિશુવાટિકા શિક્ષકપોથી** :, ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર.
15. **પરિવાર સાથે સંવાદ** (સંપાદન) : સંસ્કાર ગુર્જરી, અમદાવાદ.

16. **બાલક અંક** : ગીતા પ્રેસ, ગોરખપુર.
17. રાવલ, ચેતના અને ગઢિયા, અવની, **આંગણવાડી કાર્યકર્તાઓની ભૂમિકા**, અમર પ્રકાશન, અમદાવાદ.
18. શુકલા, સતિષપ્રકાશ (૨૦૧૮). **સમાવેશક શાળા**, ક્ષિતિ પ્રકાશન, અમદાવાદ.
19. અંધારિયા, કેવલ((૨૦૧૬). સમાવેશી શિક્ષણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ.

## English Books

1. Bhatnagar, R (2005): **Little Steps**. National Council for Educational Researchand Training,NewDelhi
2. Swaminathan, M. & Daniel, P. (2004). ***Play Activities for Child Development*** *A Guide to Preschool Teachers*, National Book Trust, New Delhi.
3. George, W. & Naudeo (2005**). Children's Play.** London: Sage.
4. Kaul, V. (2009). **Early Childhood Education Programme**. New Delhi: NCERT.
5. Kaul V. (1997). **Pressures on the Pre-school Child: Issues and Strategies and role of Professional Organisations for Advocacy in ECE**. New Delhi: NCERT, A Seminar Report.
6. Kaul, V. and Soni, R. (1997). **A Trainer's Handbook**; New Delhi; NCERT.
20. Swaminathan M. & Daniel P. (2000). **Activity-Based Developmentally Appropriate Curriculum for Young Children**. Chennai: Indian Association for Preschool Education.

# Memorandum of Understanding
# (MoU)

**Between**

**Children's Research University, Gandhinagar**

**&**

**Shri Dakshinamurti Vidyarthi Bhavan, Bhavnagar**

**Duration of the MoU: July 31, 2025 to July 30, 2028**

# MEMORANDUM OF UNDERSTANDING FOR INSTITUTIONAL COLLABORATION BETWEEN

## Children's Research University, Gandhinagar AND Shri Dakshinamurti Vidyarthi Bhavan, Bhavnagar

### Article: 1 Preamble

**Children's Research University, Gandhinagar** is a reputed State University of research situated at Gandhinagar, Gujarat, India – 382021.

**Shri Dakshinamurti Vidyarthi Bhavan,** a renowned education institute - established in 1910 (Registered under The Bombay Public Trust Act 1950 as a Charitable Trust having registration number E/143/Bhavnagar) - situated at Bhavnagar, Gujarat, India – 364002.

**Children's Research University, Gandhinagar** (CRU) and **Shri Dakshinamurti Vidyarthi Bhavan** (DMVB) have agreed for institutional collaboration in Training and research in the area of children education and related training.

In future, if both institutes identify some specific areas of cooperation other than listed below, then these may be updated from time to time.

### Article: 2 Scope of Cooperation

The following areas of cooperation have been identified under this MoU.

1. Shri Dakshinamurti Bal Kelavani Resource Center (*Initiative of DMVB*) :
   This center is being setup at the initiative of Shri Daskhinamurti Vidyarthi Bhavan, Bhavnagar (DMVB) with following objectives:
   1.1. To propagate method of pre-school education (Bal Kelavani) developed and nurtured by Shri Dakshinamurti Vidyarthi Bhavan and Late Resp. Gijubhai Badheka.
   1.2. To impart systematic training to teachers associated at teaching to foundational stage children (within framework of NEP 2020) which are managed by Government / Local Board / Panchayat Authorities.
   1.3. To impart identical training to the teachers working in Private Educational Institutes willing to enhance their skills in pre-school education and for individuals aspiring to be pre-school teachers.
   1.4. To provide internship / training to university students and to students affiliated with the institutions of Higher Education (HEI) as a part of their course curriculum under NEP 2020.

CRU will work actively with DMVB in achieving these objectives by collaborating as Knowledge and Training Partner and jointly they will carry out the following activities:

a) To create appropriate course curriculum and framework of various courses (Credit based system) so as to offer appropriate certificate to the participants.

b) To work closely with various Departments of the Governments / Local Board and their Officials to create awareness and importance of these courses and to encourage these teachers (associated at teaching to foundational stage children) to participate in the training programs jointly organized by both - CRU & DMVB.

c) Joint Revival and Relevance Project for Educational Literature :

   Under this activity, both the institutions will collaboratively review the existing body of literature previously published by DMVB *(or through affiliated entity of that era)* or any other publishers. Through mutual discussion and academic consultation, selected titles will be updated in terms of language, pedagogy, design, and contextual relevance. The revised editions will be co-branded and co-published by DMVB (or its affiliated entity) & CRU, Gandhinagar. These publications will serve as updated resources for educators, parents, and learners and will be made available to Children's Research University at a mutually agreed-upon discounted rate by DMVB (or its affiliated entity).

The detailed roles and responsibilities shall be mutually decided by both the parties as per Annexure-A to this agreement.

d) To provide necessary guidance and / or consultation service in creating archives of old publications of books / magazines / relevant articles / literature and photographs of all those who have worked in that era for Bal Kelavani methodology propagated by Shri Dakshinamurti Vidyarthi Bhavan and Late Resp. Gijubhai Badheka and associates.

2. Garbhsamskar Center (*Initiative of CRU*) :

DMVB will :

A. Provide necessary support in operating Tapovan Garbh Samskar Center.

B. Provide necessary support to organise research, consultancy, training and extension activities of Garbha Samskar Center.

C. Provide necessary support to raise awareness among pregnant women and their families about the importance of Garbh Samskar.

3. Toddler Education Center (*Initiative of CRU*) :

DMVB will :

A. Provide necessary support in operating Toddler Education Center.

B. Provide necessary support to organise research, consultancy, training and extension activities of Toddler Education Center.

C. Provide necessary support to raise awareness among Parents and their families about the importance of Child rearing and Education.

4. Research : DMVB will provide necessary assistance and support in the research related data documents of relevant activities.

## Article: 3 Non-discrimination

CRU and DMVB agree not to discriminate against any person because of age, sex, national origin, race, ancestry, color, religious creed, disability or handicap, and sexual orientation. Neither institution shall impose criteria for the exchange of faculty, staff and students that would violate the principles of non-discrimination.

## Article: 4 Financing

This MoU does not entail any financial commitment.

## Article: 5 Legal Status

This document is a statement of intent to foster genuine and mutually beneficial cooperation and is not legally binding on both the parties. Any disputes shall be resolved through mutual discussion.

## Article: 6 Validity and Termination

1. This MoU is valid for an initial period of Three years and becomes effective from July 31, 2025 or the date it is signed by both the partners whichever is later. On expiry of initial period of three years, the partnership period may be extended by mutual consent for a mutually agreeable period.

   For broader understanding, the period of this MoU is valid from July 31, 2025 and valid up to July 30, 2028.

2. Both the parties will carry out a set of activities every year to keep the MoU functional.

## Article: 7 Administrations and Coordination

The following members are designated as administrative officers to oversee and facilitate the implementation of any agreement arising out of this MoU.

The participants and Coordinators may change from time to time as decided by appropriate authority of the respective institutions.

Name & Contact Details of faculty of Children's Research University are :

1) Dr. Nilesh Pandya, Director, Centre of Training, CRU, Gandhinagar
2) Dr. Krunal Panchal, Assistant Professor, CRU, Gandhinagar

Name & Contact Details of Shri Dakshinamurti Vidyarthi Bhavan are :

3) Shri Prashant Bhatt (Managing Trustee, DMVB);
4) Shri Pankaj Desai (Member, Management Committee, DMVB)
5) Prof. Dr. Indra Gadhavi (Member, Management Committee, DMVB)

## Article: 8 Terminations

This agreement may be terminated by either party anytime with prior notice of three months in writing.

| | |
|---|---|
| Registrar<br>**Children's Research University**<br>**Gandhinagar** | Managing Trustee<br>**Shri Dakshinamurti Vidyarthi Bhavan**<br>**Bhavnagar** |

**Witness :**

| | | | |
|---|---|---|---|
| 1 | Dr. Harshul Brahmbhatt | 1 | 31/07/2025 |
| 2 | Dr. Krunal Panchal | 2 | |

Place : Gandhinagar

Date : 31 July,2025

# જીવનભારતી મંડળ, સુરત.

(મનુષ્યની સર્વાંગી કેળવણી માટેની સંસ્થા)

આચાર્યશ્રી ચન્દ્રવદન ચૂનીલાલ શાહ વિદ્યાસંકુલ, ટિમલિયાવાડ, નાનપુરા, સુરત – ૩૯૫૦૦૧

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. : સુરત/એફ/૧૮

ફોન : ૨૪૬૧૪૦૪/૦૫

જાવકક્રમ : 8/9/2360

તા. ૨૩/૧૧/૨૦૨૫

પ્રતિ,
શ્રી નીલેશભાઈ પંડયા
રજીસ્ટ્રારશ્રી,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી,
ગાંધીનગર.

**વિષય :– પ્રિ–સ્કૂલ ટીચર્સ કોર્સ (૪૦ દિવસ) ના પ્રચાર–પ્રસાર બાબત**

**સંદર્ભ :– આપના પત્ર નંબર : CRU/COT/GBRC/2025-26 તા. ૧૩/૧૧/૨૦૨૫**

સુજ્ઞ મહાશયશ્રી,

સાદર વંદન,

સવિનય ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે આપશ્રી દ્વારા સૂચિત કરેલ પ્રમાણપત્ર કોર્સ સુરત ખાતે શરૂ કરવાની આપની દરખાસ્ત માટે અમો અમારી સંસ્થા " જીવનભારતી " મંડળ એના સંચાલનમાં સહભાગી થવા સંમ્મત છીએ, એ અંગે જરૂરી રૂપરેખા નકકી કરવા અને આર્થિક વ્યવસ્થા માટે સંયુકત ચર્ચા–વિચારણા કરી અધિકૃત કરવા અમો જરૂરી આયોજન માટે સહકાર આપીશું.

આભાર સહ.

માનદ્ મંત્રી
જીવનભારતી મંડળ, સુરત.

નકલ સવિનય રવાના : મા. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.

સંપર્ક : હિનાબેન પવાર
આચાર્યશ્રી, તારામોતી બાળભવન, જીવનભારતી મંડળ, સુરત
નાનપુરા